જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૬/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૯૯૯/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૫/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૧૨	૦	૧૧૫૧૨	૧૭૬૩૧	૦	૧૭૬૩૧
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૮૭	૦	૮૭	૩૦૩	૦	૩૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૫૨૮૨૨	૨૮૮	૫૩૧૧૦	૫૩૪૬૩	૨૯૯	૫૩૭૬૨
કુલ		૬૯૧૨૯	૨૮૮	૬૯૪૧૭	૭૭૬૪૦	૨૯૯	૭૭૯૩૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૬૭	૧,૫૪,૫૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૯૪૧	૧૯,૪૧,૦૦૦/-

ઘરફોડ/ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન

સોલા પોલીસ સ્ટેશન દ્વારા વાહન ચોરીના-૩ ગુનાઓ તેમજ ઘરફોડ ચોરીના-૧ મળી કુલ ૪ ગુનાઓ ડિટેકટ કરવામાં આવ્યા

શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી આર.વી.અસારી સાહેબ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા ડો.શ્રી રવિન્દ્ર પટેલ સાહેબ, નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ વાહન ચોરીના શોધી કાઢવા કરેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા નાઓના સીધા સુપરવિઝન હેઠળ બનાવેલ ટીમને બનેલ ગુનો શોધી કાઢવા સુચના કરેલ હોય જે આધારે CCTV સર્વેલન્સની મદદથી તેમજ મળેલ બાતમી આધારે નીચે જણાવેલ આરોપીઓને ચોરીના મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આરોપી:-

(૧) મહેન્દ્ર ઉર્ફે ચિરાગ મનોજભાઇ દરજી ઉ.વ.૨૦ રહે.મ.નં.સી/૩૦૧, વિરસાવરકર હાઇટસ, ગોતા વસંતનગર, ગોતા, અમદાવાદ

(૨) રાજારામ બેતાલસિંહ માહોર (કોરી) ઉ.વ.૨૬ રહે.બળદેવભાઇના મકાનમા, શંકરના મંદીર પાસે, સેકટર-૪, ચાણકયપુરી, ઘાટલોડીયા, અમદાવાદ મૂળ ગામ. ઉરબાઇ મહોલ્લા વોર્ડ-૧૦, બડા બજાર ગોહદ જી,ભીંડ મધ્યપ્રદેશ

શોધાયેલ ગુનાઓ:-

(૧) સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન પાર્ટ “એ” ગુ.ર.ન.૧૧૧૯૧૦૪૫૨૧૦૯૦૭/૨૦૨૧ ઇપીકો કલમ ૩૭૯ મુજબ

(૨) સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન પાર્ટ “એ” ગુ.ર.ન.૧૧૧૯૧૦૪૫૨૧૦૯૧૫/૨૦૨૧ ઇપીકો કલમ ૩૭૯ મુજબ

(૩) સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન પાર્ટ “એ” ગુ.ર.ન.૧૧૧૯૧૦૪૫૨૧૦૯૧૯/૨૦૨૧ ઇપીકો કલમ ૩૭૯ મુજબ

(૪) સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન પાર્ટ “એ” ગુ.ર.ન.૧૧૧૯૧૦૪૫૨૧૦૯૦૮/૨૦૨૧ ઇપીકો કલમ ૩૮૦ મુજબ

કબ્જે કરેલ મુદ્દામાલ:-

બુલેટ મો.સા.-૨, પલ્સર મો.સા.-૧, સ્લેન્ડર પ્રો મો.સા.-૧ મળી કુલ-૪ વાહન કિ.રૂ.૨,૫૫,૦૦૦/-, મો.ફોન નંગ-૧ કિ.રૂ.૧૦૦૦/-, લેપટોપ નંગ-૧ કિ.રૂ.૩૦૦૦/- ગણી કુલ્લે કિ.રૂ.૨,૫૯,૦૦૦/-

કામગીરી કરનાર અધિ/કર્મચારી:-

આ કામગીરીમા સુપરવિઝન જે.પી.જાડેજા સીનીયર પોલીસ ઈન્સ્પેકટર તથા સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. એમ.જે.હુણ તથા સર્વલન્સ સ્કોડના હે.કો.તારીકમહંમદ સિકંદરભાઇ બ.નં.૯૭૩૫ પો.કો.વાલજીભાઇ ભોપાભાઇ બ.નં.૧૫૨૧, પો.કો.માધુભાઇ પોલાભાઇ બ.નં.૧૦૯૧, પો.કો.રઘુવિરભાઇ જગુભાઇ બ.નં.૧૩૪૦, પો.કો.રાહુલભાઇ રમેશભાઇ બ.નં.૫૯૯, પો.કો.નરેન્દ્રસિંહ વિક્રમસિંહ બ.નં.૧૨૪૩૮ તથા સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશનના સ્ટાફના માણસો જોડાયેલા હતા.



પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન

પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગ દરમ્યાન ભારતીય ભારતીય બનાવટના વિદેશીદારૂની નાની-મોટી મળી કુલ્લે નંગ-૨૨૮ જેની કી રૂ.૧,૦૨૦૦૦/- તથા બે ફોરવ્હિલ કાર જેની કિ.રૂ ૪,૦૦,૦૦૦/- તથા એક એકટીવા જેની કિ.રૂ ૨૦,૦૦૦/- તથા ત્રણ મોબાઈલ ફોન જેની કિ.રૂ ૧૦૦૦૦/- સાથે મળી કુલ્લે રૂ.૫,૩૨,૦૦૦/-ના મુદામાલ સાથે બે આરોપીઓ ને પકડી પ્રોહી.નો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી – નરોડા સર્વેલંન્સ સ્ક્વોડ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન નાઓની સુચના આધારે હાલમાં ચાલતી પ્રોહી.ડ્રાઇવ અનુસંધાને પ્રોહીબીશનની બદીને નેસ્તનાબુત કરવા સારૂ નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી નાઓના માર્ગદર્શન મુજબ સર્વેલંન્સ ના પો.સબ.ઇન્સ.એ.એમ.પટેલ તથા માણસો પેટ્રોલીંગમા હતા.દરમ્યાન નરોડા હંસપુરા ચોકી વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કોન્સ પ્રકાશભાઇ ભીખાભાઇ તથા પોકોન્સ જનકભાઇ પુંજાભાઇ નાઓની સંયુકત બાતમી હકીકત આપેલ કે મ.નં એ/૧૦૧ સદગુરૂ લેન્ડમાર્ક વ્હાઈટ એલીગન્સ ની સામે હંસપુરા નરોડા તથા સદગુરૂ લેન્ડમાર્કના “એ” બ્લોકના પાર્કિંગમાં ભારતીય બનાવટના ઇંગ્લીશદારૂ નો જથ્થો ગાડીઓમાં તથા તેઓના ઘરમાં પડેલ છે જે બાતમી આધારે રેડ કરતાં સદર મકાનમાંથી એક બહેન તથા એક ઇસમ હાજર મળી આવેલ જેઓના નામ –(૧) ચંદ્રીકાબેન મોહનલાલ જાતે લુહાર ઉ.વ ૪૨ ધંધો ઘરકામ રહે મ.નં એ/૧૦૧ સદગુરૂ લેન્ડમાર્ક વ્હાઈટ એલીગન્સની પાસે દહેગામ રોડ નરોડા અમદાવાદ શહેર તથા (૨) નિતીન ઈન્દ્રવદન જાતે બારોટ ઉ.વ ૩૪ ધંધો ડ્રાઈવિંગ રહે મ.નં બી/૭ મહાવીર એપાર્ટમેન્ટ હોંડા શો રુમની પાછળ બાપાસીતારામ ચોકની પાસે કૃષ્ણનગર અમદાવાદ શહેરનાઓના કબજાના ઘરમાંથી તથા પાર્કીંગમાં પડેલ ગાડીઓમાંથી ભારતીય બનાવટના ઇંગ્લીશદારૂની નાની મોટી કુલ્લે બોટલ નંગ-૨૨૮ કુલ્લે કી રૂ ૧,૦૨૦૦૦/-તથા સ્વીફટ કાર જેની કિ.રૂ ૨,૦૦,૦૦૦/- તથા આઈ.૧૦ કાર જેની કિ.રૂ ૨,૦૦,૦૦૦/- તથા એકટીવા જેની કિ.રૂ ૨૦,૦૦૦/- તથા ત્રણ મોબાઈલ ફોન જેની કિ.રૂ ૧૦૦૦૦/- તથા એક લાઈટ બિલ કિ.રૂ ૦૦/૦૦ ગણી કુલ્લે કિ.રૂ ૫,૩૨,૦૦૦/- ના મુદામાલ સાથે પકડી તેઓના વિરૂધ્ધ તા.૦૫/૦૬/૨૦૨૧ ના કલાક ૧૮/૩૦ વાગે ધી પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)બી,૬૫(એ)(ઇ) ,૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબનો ગુન્હો નોધી સારી કામગીરી કરેલ છે. તા.૦૫/૦૬/૨૦૨૧.

આરોપીઓનુ નામ–

(૧) ચંદ્રીકાબેન મોહનલાલ જાતે લુહાર ઉ.વ ૪૨ ધંધો ઘરકામ રહે મ.નં એ/૧૦૧ સદગુરુ લેન્ડમાર્ક વ્હાઈટ એલીગન્સની પાસે દહેગામ રોડ નરોડા અમદાવાદ શહેર તથા (૨) નિતીન ઈન્દ્રવદન જાતે બારોટ ઉ.વ ૩૪ ધંધો ડ્રાઈવિંગ રહે મ.નં બી/૭ મહાવીર એપાર્ટમેન્ટ હોંડા શો રુમની પાછળ બાપાસીતારામ ચોકની પાસે કૃષ્ણનગર અમદાવાદ શહેર

મુદ્દામાલ – ભારતીય બનાવટના ઇંગ્લીશદારૂની નાની મોટી કુલ્લે બોટલ નંગ-૨૨૮ કુલ્લે કી રૂ ૧,૦૨૦૦૦/- તથા સ્વીફ્ટ કાર જેની કિ.રુ ૨,૦૦,૦૦૦/- તથા આઈ.૧૦ કાર જેની કિ.રુ ૨,૦૦,૦૦૦/- તથા એક એકટીવા જેની કિ.રુ ૨૦,૦૦૦/- તથા ત્રણ મોબાઈલ ફોન જેની કિ.રુ ૧૦૦૦૦/- તથા એક લાઈટ બિલ કિ.રુ ૦૦/૦૦ ગણી કુલ્લે કિ.રુ ૫,૩૨,૦૦૦/- ના મુદામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વે સ્વોડ પો.સ.ઇ.એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કો.પંકેશકુમાર ઘનાભાઇ બ.નં.૪૦૫૬ તથા પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પો.કો.પ્રકાશકુમાર ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ પો.કો. જનકભાઇ પુંજાભાઇ બ.નં.૪૬૦૬ તથા પ્રદીપકુમાર રામાભાઇ બ.નં.૧૦૩૬૧ તથા પો.કો.દિલીપભાઇ ભરતભાઇ બ.નં.૫૯૬૪ તથા તથા પો.કો. રણજીતસિંહ પ્રતાપસિંહ બ.નં.૪૯૯૦ તથા પો.કો.પીયુષ નટવરલાલ બ.નં.૧૦૧૭૬ તથા પો.કો.પ્રવિણભાઇ વાઘાભાઇ બ.નં.૬૮૬૩ તથા એલ.આર.ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ તથા એલ.આર. વિક્રમ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨.તથા એલ.આર.અભિષેક અશ્વિનકુમાર બ.નં.૭૦૦૫.



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૦૦૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૧૧૦ લીટર દેશી દારૂ, ૧૪૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન, ૨ કાર, ૨ સ્કુટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૨,૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૦૦૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૦૦૨/૨૦૨૧**

વેજલપુરઃ વિધાન સ/ઓ અશોકકુમાર અરોરા (ઉ.વ.૩૦) (રહે. બિનોરી મેબલ કોર્પોરેટ રોડ પ્રહલાદનગર આનંદનગર) તા.૦૫/૦૬/૨૦૨૧ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે હાજીબાવા કુઈ ત્રણ રસ્તા નિશાર હોટલ સામેથી પોતાની કાર લઈ પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા પુરૂષે વિધાન અરોરા નજીક આવી તમારી કારના આગળના ભાગે ઓઈલ નિકળે છે તેમ કહેતા વિધાન અરોરા કારનુ બોનેટ ખોલી ઓઈલ ચેક કરતા હતા ત્યારે અજાણ્યો પુરૂષ વિધાન અરોરાની નજર ચુકવી કારમાંથી લેપટોપ બેગ ચોરી કરી ગયો હતો. જે બેગમાં લેપટોપ કિમત રૂપિયા ૩૫,૦૦૦/-, હાર્ડ ડીસ્ક કિમત રૂપિયા ૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- તેમજ જરૂરી દસ્તાવેઝ હતા. આ અંગેની ફરીયાદ વિધાન અરોરાએ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો..સ.ઈ.શ્રી ડી.સી.પરમાર ચલાવે છે.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૧૦૦૩/૨૦૨૧**

સરદારનગરઃ નેહાબહેન વા/ઓ હોમેશભાઇ ભાવનાની (ઉ.વ.૩૦) (રહે. સાંઇબાબા સોસાયટી સરદારનગર) તા.૧૨/૦૫/૨૦૨૧ સવારના ૬/૪૫ વાગ્યાના સુમારે ભાગ્યલક્ષ્મી સોસાયટી નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એકટીવા ઉપર આવેલ બે પુરૂષ નેહાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ નેહાબહેન ભાવનાનીએ તા.૦૫/૦૬/૨૦૨૧ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વિ.એ.હરકટ ચલાવે છે.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૦૦૪/૨૦૨૧**

રખિયાલઃ કિશોરભાઈ ધીરાજી રાઠોડ (ઉ.વ.૩૫)(રહે.ગરાસીયા વાસ મુખીની ખડકી પાસે ઓઢવ) તા.૦૫/૦૬/૨૦૨૧ સવારના ૫/૦૦ થી ૭/૧૫ વાગ્યા દરમ્યાન રખિયાલ "એન.કે.એંજીનીયરિંગ" નામના કારખાનામાં ટ્રેલર (ટ્રક)માંથી લોખંડની પ્લેટો ઉતારતા હતા ત્યારે કેઇનનો હુક તુટી જતા લોખંડની પ્લેટ કિશોરભાઇ ઉપર પડતા ગંભીર ઇજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રખિયાલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કૈલાસકુમાર નારાયણસિહ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૦૦૫/૨૦૨૧**

રીવરફ્રન્ટ ઇસ્ટઃ સુરેશભાઇ જાલમભાઇ રાજનટ (ઉ.વ.૧૯) (રહે.નટનગરની ચાલી છારાનગર કાળીગામ રાણીપ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૬/૨૦૨૧ સવારના ૯/૩૦ વાગ્યા પહેલા રીવરફ્રન્ટ ગાર્ડન ગેટ નંબર-૩ પાછળ, રીવરફ્રન્ટ વોક-વે ઘાટ નંબર-૫ નજીક નદીમા પડી ડુબી જઈ આત્મહત્યા હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેશદાન પ્રવિણદાન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી